# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ઉદ્યોગપતિની ઢાલે કોઇ ઠોલી નથી શકતું,
ચૂંટણીફંડ ની ધાકે જીભ ખોલી નથી શકતું,
બોલી નથી શકતું સત્ય કોઇ સ્વભાવની ધાકે
'ત્રિપુટી' ની હાકે કોઇ ન્યાય તોલી નથી શકતું..
(અરૂણ સૌરીની હિંમત)

**હાઇકુ**

વાવ્યાં તે ઉગ્યાં
મહેનતનાં ફળ
લ્યો! પરિણામ..
(વાર્ષિક રિઝલ્ટ)

ધાકે દાબેલી -
છટકી શિસ્ત સ્પ્રીંગ -
ચિંતન - ચિંતા..
(જૂથવાદે માથું કાઢ્યું)

## ચિંતન

**ધનેષુ, જીવિતવ્યેષુ, સ્ત્રીષુ, ભોજનવૃત્તિષુ ।**
**અતૃપ્તા માનવાઃ સર્વે યાતા યાસ્યાન્તિ યાંતિ ચ ॥**

સંસાર-વ્યવહારમાં જનો ને ચાર બાબતમાં અંસતોષ જ રહ્યા કરે છે અર્થાત કદાપિ તૃપ્તિ થતી નથી એ ચાર બાબત છે : ધન-સંપત્તિ, જીવન લાંબુ જીવન અથવા રોગી હોય તો જીજીવિષાની ઇચ્છા, સ્ત્રી વિષે (ઘરમાં સુંદર-સંસ્કારી-સૌજન્યશીલ પત્ની હોવા છતાં પુરુષની દ્રષ્ટિ હંમેશા બાહ્ય-ઇતર અન્ય સૌંદર્યને જ શોધે છે.) અને ચોથું છે રસાસ્વાદવૃત્તિ ભોજન વિશે, બપોરે ખૂબ ઠાંસ્યું હોય છતાં રાત પડે થોડું કંઇક 'લાઇટ' ની ઇચ્છા થાય જ છે.

આ રીતેના ઘણા લોકો આ ચાર બાબતમાંથી કોઇને કોઇ અસંતોષથી રિબાય છે અને એ રોગમાં જ આ દુનિયા છોડી ચાલ્યા ગયા છે, ચાલ્યા જાય છે અને ચાલ્યા જવાના છે.

સંસારમાં ધન-સમૃદ્ધિ-ભૌતિક સુવિધાઓ સુખમય-ભોગમય જીવન, સ્ત્રી પ્રત્યેની વાસના અને જીભની જાગૃતિ-રસાસ્વાદ પ્રત્યે માણસ સદાય માટે અસંતુષ્ટ રહ્યો છે. આ ચાર બાબતને કારણે જીવનનો મુખ્ય હેતુ ભૂલી જવાય છે અને જીવન ધ્યેય ચૂકી માત્ર કામ-ક્રોધ-મોહમાં લપેટાય છે જો જીવનમાં 'સંતોષ' દ્રષ્ટિ વૃત્તિ આવે તો જ સુખ-શાંતિ પ્રાપ્ત થાય, બાકી તો વાસનાઓ તૃષ્ણા સાથે ગયેલો જીવ ચૌર્યાસીના ચક્કરમાં ફર્યા કરે છે.

## સુવિચાર

- પરીંદો કો મીલેગી મંઝીલ એક દીન, ઉનકે ફૈસે હુએ પર ભી બોલતે હૈ... વહી લોગ અકસર રહતે હૈં ખામોશ.. ઝમાને મેં જીનકે હુન્નર બોલતે હૈ **- અબ્દુલ સુલતાનપુરી**
- પૈર ગરમ, પેટ નરમ ઔર સર કો રખ્ખો ઠંડા.. દાકતર બાબુ આવે તો ઉસકો મારો દંડા **- કાશીની લોક કહેવત**
- ચારિત્ર્યવાન હોવા કરતાંયે જયારે ચારિત્ર્યવાન દેખાવું એ વધારે મહત્ત્વનું લાગે ત્યારે જાણવું કે આપણા અસ્તિત્વ પર આપણું વ્યક્તિત્વ ચડી બેઠું છે **- ગુણવંત શાહ**
- બદમાશ એટલે ચકરાવે ચડી ગયેલો મૂરખ **- કોલારીજ**
- જાતને છેતર્યા વિના અન્યને છેતરવાનું અશક્ય છે.. વાચકોને ન છેતરવાનો પ્રયત્ન એ કલમનું ચારિત્ર્ય છે અને એ જ સાહિત્યકારનું તપ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- ખુલ્લું મન અને ખુલ્લું આકાશ હોય ત્યાં દુનિયાના બધા વાસી ધર્મો આથમી જાય છે, બચે છે કેવળ માનવધર્મ **- ધર્મસૂત્ર**
- મૃત્યુ તો પરમ રહસ્યનું દિવ્ય ગર્ભાશય છે, આત્મા માટે તેથી 'હિરણ્યગર્ભ' જેવો શબ્દ પ્રયોજાયો છે **- પન્નાલાલ પટેલ**

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

સ્વામી રામકૃષ્ણ પરમહંસ મા કાલી સાથે સાક્ષાત વાતો કરતા હતા એમણે ધાર્યું હોત તો 'કેન્સર'ને ક્ષણ માત્રમાં કાઢી શકતા - પણ પૂર્વજન્મોની પીડા ભોગવતા હતા અને પરમ શાતા અનુભવતા હતા. અંતે એમણે દેહનો ત્યાગ કર્યો.

બંગાળના રીતરિવાજ પ્રમાણે મા શારદા દેવી સર્વ બાહ્યચાર કર્યા પછી શરીર પરના સૂવર્ણ અલંકાર - આભૂષણ પણ કાઢતાં હતા.. છેલ્લે બે હાથમાં કંકણ રહ્યાં એ બંગાળમાં 'સૌભાગ્યવતી'નું પ્રતીક કહેવાય છે. મા શારદા દેવીનો હાથ એ 'કંકણ' ઉતારવા તૈયાર થયો.

.. ત્યાં જ પરમહંસની પ્રત્યક્ષ ઝાંખી થઇ અને બોલ્યા, 'હાં - હાં તમે આ શું કરો છો? તમે તો પરમ સૌભાગ્યવતી દેવી છો. તમારું સૌભાગ્ય અખંડ છે, તમારે તો મારાં અધૂરાં કાર્યો કરવા સંસાર વ્યવહાર સાચવવાનો છું હું અહીં જ છું માત્ર એક ઓરડામાંથી બીજા ઓરડામાં જ ગયો છું.'

.. અને મા શારદામણિએ અંતિમ ક્ષણ સુધી એ સૌભાગ્યને સાચવીને પહેરી રાખ્યાં અને પતિના કાર્યોમાં પરોવાયાં..

Email - sureshchandrabhatt18@gmail.com

# બ્રહ્મ તેજને પ્રસરાવતી સંતો, ભક્તો, શૂરવીરો અને કલાકારો, સંગીતકારો જેવા તેજસ્વી ઓજસ્વી રત્નોની જીવન ગાથાઓ

**શબ્દ સમીપે**

**- નટવર હેડાઉ**

સમગ્ર માનવજીવન પર પોતાની આગવી પ્રતિભા, મેઘા અને ઓજસ્વી વ્યક્તિત્વ થકી છવાઇ જનાર જન્મ અને કર્મથી વિશિષ્ટ દરજ્જો પ્રાપ્ત કરનાર અને દરેક ક્ષેત્રે રાહ ચીંધનાર મહામાનવોનું સર્જન કરનારી વિશ્વની એક મહાજાતિ ગણી શકાય તેવી બ્રાહ્મણ જ્ઞાતિમાં નિપજેલાં, તેજસ્વી, ઓજસ્વી રત્નોની જીવનગાથાઓ ગુજરાતના માતબર કહી શકાય તેવા જુના જાણીતા અને સૌથી વધુ ફેલાવો ધરાવતું દૈનિક અખબાર ગુજરાત સમાચારમાં એક જ્ઞાતિ વિશેની કોલમ સતત ત્રણ વર્ષ સુધી ચાલી હોય તે એક વિરલ ઘટના કહેવાય. તેમાંથી ખાસ ચૂંટેલા વિશિષ્ટ લેખોનો સંચય પુસ્તક રુપે મળે તો તે દરેકને પ્રેરક નિવડે તેવા શુભાશયથી પ્રગટ થયેલ પ્રકાશનની વાત આજે મારે તમને કરવી છે.

'બ્રહ્મતેજના તણખા' પુસ્તકના લેખક દોલત ભટ્ટ 'ધરતીનો ધબકાર' નામે લોક સાહિત્ય, ઇતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરતી તેમની જાણીતી કોલમને કારણે લોકહૃદયમાં વસેલા છે. તેમણે બ્રાહ્મણોમાં રહેલ રાજકીય કુનેહ, શૂરવીરતા, સેવાભાવના અને અનેક કલાઓમાં પોતાની આગવી પ્રતિભા ઊભી કરનાર વિરલાઓ, શ્રેષ્ઠીઓ અને કલાકારોને ખુબ જ નજીકથી જોયા જાણ્યા અને તેમની કાર્યશૈલીથી પ્રભાવિત થતાં તેમના વિશે પોતાની આગવી શૈલીમાં લોકભોગ્ય રીતે તેમની વાતો આલેખી છે. તેમાંની કેટલીક વિશિષ્ટ વિભૂતિઓ વિષેના લેખોનો સંચય આ પુસ્તકમાં કરવામાં આવ્યો છે.

'બ્રહ્મ તેજના તણખા' પુસ્તકમાંથી પસાર થતાં આપણને કુલ ૪૭ લેખો મળે છે. જેમાં છ જેટલાં સંતો છે જેમાં મહર્ષિ દયાનંદ સરસ્વતી, બ્રહ્મનિષ્ઠ મહારાજ પ્રેમાનંદજી, ભક્તરાજ જાદવજી મહારાજ, નથ્થુરામ શર્મા, સંત કવિ સાગર મહારાજ, મોહન ઉપાધ્યાયનો સમાવેશ કરાયો છે. જેમની આધ્યાત્મિકતા, સંતવાણી અને સાધના-આરાધના તેમજ વૈરાગ્યની બહોળા જન સમુદાય પર ઘેરી છાપ જણાય છે.



એક જમાનામાં સૌરાષ્ટ્ર હોય કે ગુજરાતના બીજા ઇલાકાઓ ત્યાં નાના નાના રજવાડાંઓ વચ્ચે ચાલતાં ધીંગાણાં વેરઝેર, કુસંપ અને અંધાધૂંધીના યુગમાં રૈયત પર થતાં અત્યાચારો અને રાજ સામે જંગે ચડેલાં બહારવટીઆઓને કારણે પીસાતી પ્રજાને પોતાની શૂરવીરતા ખમીર અને ખુદ્દારીથી બચાવનાર નરબંકાઓની જે વાતો આલેખવામાં આવી છે. તેમાં સૌરાષ્ટ્રનો સિંહ નામે જાણીતા છેલશંકર દવે, પોલીસના અમલદાર તરીકે વકીલ કમિશનમાં સ્થાન પામનાર અને કચ્છ સરહદે ભારતીય સેના માટે વિશિષ્ટ કામ કરનાર શિયાળી (તા. લીંમડી) ના શંકરલાલ દવે અને બાબર દેવા જેવા બહારવટીઆ સામે બાથ ભીડનાર હરિભાઇ ભટ્ટ, ગાયના ધણને પાછાં વાળી લાવનાર શૂરવીર વીરો જાની, રાજયમંત્રીની પદવી ભોગવનાર વેણીરામ બહાદુર, પટેલની દીકરીના દાગીના અને શિયળને બચાવવા બહારવટીયાઓ સામે જંગમાં ખપી જનાર ઓધવજી પંડ્યા જેવા શૂરવીરોની ગાથા આલેખી છે. તો વિશ્વભરમાં જાણીતા પંડિત ઓમકારનાથના પૂર્વજો સૌરાષ્ટ્રના ઉના ગામના વતની હતા. 'પદ્મશ્રી' સન્માનથી નવાજવામાં આવેલ આ વૈશ્વિક પ્રતિભાના જીવનની અંતરંગ વાતો પણ અહીં આપણને મળે છે. તો નાટ્ય ક્ષેત્રે 'કામસેન રસિકા' ના ખેલમાં રસિકા તરીકે નામના મેળવનાર જૂનાગઢના દયાશંકર પુરોહિત અને સૌરાષ્ટ્રના મચ્છુકાંઠા નામે ઓળખાતા મોરબી શહેરમાં જન્મેલ કવિ વાઘજી આશારામ ઓઝાના સદ્ગુણ વિદ્વતા અને બાહોશીની વાતો અહીં આપણને મળે છે. હવેલીમાં વૈષ્ણવોને પ્રિય એવા પદો ગાનારા અને નૃત્ય દ્વારા ડાયરાઓમાં લોક સમુદાયને ઘેલો કરનાર લોક ગાયક બાલકૃષ્ણ દવેના જીવન પ્રસંગો પણ અદભૂત રીતે આલેખાયા છે.

તો વળી ભાતિગળ ભૂમિકાઓ ભજવનાર ગુજરાતી ચિત્રપદનો ચમકતો સિતારો જેને અવિસ્મરણીય અદાકાર તરીકે લોક હૃદયમાં વસેલ ઉપેન્દ્ર ત્રિવેદી અને ભવાઇ - વ્યવસાય તેમજ રંગભૂમિના જાણીતા કલાકાર અમૃત કેશવલ નાયકે જે અભિનયનાં ઓજન પાથરેલા તેની વિગતવાર વાત અહીં થઇ છે. ભવાઇ ક્ષેત્રે ખુબ જ જાણીતું નામ અસાઇત ઠાકરે અન્ય કોમની દીકરીનો જીવ બચાવવા બોટેલું પાણી પીધું એવી બહુ ઓછી જાણીતી ઘટના પણ અહીં આપણને મળી જાય છે, તો સ્વાતંત્ર્ય સંગ્રામમાં 'યા હોમ કરીન પડો ફતેહ છે આગે' નો સૂર ગલીએ ગલીએ ગૂંજાવનાર માસ્ટર વસંત અમૃતના દેશપ્રેમનો પમરાટ પણ મળે છે. અમરેલી જિલ્લાના ચલાળા ગામનાં 'મોહનલાલજી' નામે ઓળખાતા કલાકાર, નાટ્યવિદ વાદ્ય વગાડી જાણનાર અનોખા કલાકારની જીવન વસંતના રંગોને લેખકે બખુબી રજૂ કર્યા છે. તો 'સંગીતાદિત્ય' ગ્રંથના રચયિતા અને જામનગરના રાજગાયક આદિત્યરામની ભારતભરમાં ખ્યાતિની વાતો અહીં આલેખાઇ છે.

'સંસાર લીલા' નામે પ્રથમ ગુજરાતી બોલપટ સર્જવાનું માન પ્રાપ્ત કરનાર શંકરલાલ ભટ્ટ અને વિજયભટ્ટની ફિલ્મ નિર્માણની વાતો પણ અહીં મળે છે. વીર કવિ નર્મદની દિલેરીની વાત પણ અહીં મળે છે. તો મહુવા ગામના કવિ હરગોવિંદ ત્રિવેદીની પ્રેમની તિસ્તલ વાત્સલ્યની મંગલ માધુરીથી ભરપુર ભાવના વાળી કવિતાનો પણ પરિચય કરાવવામાં આવ્યો છે. ગુજરાતી સાહિત્યમાં ડોલન શૈલીના સર્જક કવિ નાનાલાલ અને કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઇની સાહિત્ય સેવા અને સાહિત્યિક પ્રીતિનું યથાયોગ્ય મુલ્યાંકન અહીં થયું છે. કલમના તેજ તણખા વેરનાર કવિ બુલાખી રામની કવિતાઓનો અને જુસ્સાનો અહીં આપણને પરિચય થાય છે સાક્ષરભૂમિ નડિયાદમાં જન્મેલા સ્વાશ્રયી અને પ્રતાપી નર રત્ન નર્મદા શંકર દેવશંકર મહેતાની ફતેહ અને વેદાંત તેમજ તત્ત્વજ્ઞાનની પારંગતતાની જાણકારી પણ આપણને મળે છે. પુષ્ટિમાર્ગની સેવા થકી કિર્તનો દ્વારા કીર્તિકળશ ઝળહળી ઉઠેલ એવા કવિ દયારામ, બુદ્ધિમત્તાનું તેજ પ્રસરાવનાર શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસના જીવનનો બૃહદ આલેખ અહીં મળે છે. મહુવાના મૂળ વતની ત્રિભોવન પ્રેમશંકર ત્રવાડીને લોકો મસ્તકવિ તરીકે ઓળખાવે છે.

સમાજસેવા ક્ષેત્રે જેમનું આગવું પ્રદાન રહ્યું છે તેવા લોકહિતેચ્છુ, લોકનેતા, આઝાદીની લડતના લડવૈયા સ્વ. ભાનુભાઇ યાજ્ઞિક, મુંબઇમાં રાજકીય અને મહિલા ક્ષેત્રે સામાજિક સેવા આપનાર પ્રેમિલાબેન યાજ્ઞિક, આદિવાસી વિસ્તારમાં 'કીકીબહેન' નામે જાણીતા સમાજ સેવિકા ઉર્મિલાબહેન ભટ્ટ, 'સેવા એ જ કાર્ય અમારું, ફળદાતા ભગવાન' એમ કહેનાર 'ઔદિચ્ય પ્રકાશ' ના તંત્રી નારાયણજી ગોવર્ધનરામ ભટ્ટ, ખેડા જિલ્લાના કઠલાલના વતની સ્વાતંત્ર્ય સેનાની મોહનલાલ કામેશ્વર પંડ્યા, વીજાપુર કસ્બામાં અંબાજી માતા નજીક 'રતન તળાવ' ખોદાવી માનવો અને પશુઓની સેવા કરનાર સખાવતી જોષી, વિઠ્ઠલદાસ ઝવેરી, શુદ્ધ સનાતન ધર્મને માન આપનારા અમદાવાદ પુરાણ મંડળના સ્થાપક ધર્મસેવક 'પૌરાણિક' પંડિત પરિવારની પણ અહીં ઝાંખી કરાવવામાં આવી છે. પ્રકાંડ પંડિત ગટુલાલજી, વલ્લભજી આચાર્ય બાપુજી જગન્નાથ, જટાશંકર ગાયકવાડી (મંકોડી), કનૈયાલાલ નાનાભાઇ દેસાઇ, બાલાશંકરભાઇ શુક્લ, દેવનંદ પંડ્યા અને મહેતાજી દુર્ગારામ મંછારામ વિષેના વિગતપૂર્ણ લેખો મળે છે. જેમાં તેમનાં જીવન અને કાર્યોને સુપેરે આલેખવામાં આવ્યાં છે.

કોઇ કીર્તિ કામનાઓ વગર સતત અને સખત સંઘર્ષ કરતા રહી વાણીથી નહીં પણ વર્તનથી સેવાયજ્ઞ કરનાર હસુભાઇ ઠાકરને આ પુસ્તક અર્પણ કરવામાં આવ્યું છે.

પરશુરામ ફાઉન્ડેશનના ટ્રસ્ટી વિપુલ એચ. ઠાકર દ્વારા સુંદર છપાઇ અને આકર્ષક મુખપૃષ્ઠ સાથે પ્રગટ કરેલ આ પુસ્તક થકી અનેરી જ્ઞાનસેવા બદલ તેમને ધન્યવાદ પાઠવું છુ અને વરિષ્ઠ સાહિત્યકાર દોલતભટ્ટના આ પુસ્તકને હૃદયના ઉમળકા સાથે આવકારું છું.

**બ્રહ્મ તેજના તણખા**
**લેખક - દોલત ભટ્ટ**
**પ્રકાશક - પરશુરામ ફાઉન્ડેશન ગાંધીનગર**
**કિંમત - રૂા. ૨૦૦/-**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫**

# ભૂખમરાથી ત્રાસીને એકવાર વિન્સેન્ટ જાતને પૂછી બેસે છે, શું મારે આખું જીવન ભૂખ્યા જ વિતાવવાનું છે? નવાઈ તો એ છે કે આજે જેના ચિત્રોના કરોડો ઊપજે છે એને જીવતેજીવ કદી કોઈ પાઈ નો'તી મળી!

**રસ્તે રઝળતી વારતા**

**- અચના કમલેશ**

(ગતાંકથી આગળ...)

કાચા કચરાના ઢગ વચ્ચે, ધોળી તગતગતી આંખોવાળા, માત્ર રવિવારે જ સૂરજ જોવા પામતાં, કાળાં રજોટાયેલા હાડપિંજરોની જિંદગી કેવી તો નરક જેવી હતી? ગુલામી નહીં, ઢોરની જેમ કામ કરનારા આ મજૂરો માંડ ચાળીસેક વર્ષ જીવતા. બોરિનાઝમાં ખાણિયાઓની કારમી અવદશા જોઇને ઉપદેશક બનીને આવેલા વિન્સેન્ટ નવું મનોરંજન અનુભવે છે. માત્ર સૂકી રોટી અને ખાટા ચીજ માટે જિંદગી આખી કાળા પાતાળમાં દટાઈ મરતા આ લોકોને પ્રભુનાં વચનો કે પ્રાર્થનાઓથી કયો ફાયદો થવાનો હતો? ખાણમાં થયેલી દુર્ઘટનામાં ૫૭ લોકો બળીને ભડથું થઈ જાય છે, પણ એમને લપેટવા કપડાં પણ નથી કોઈ પાસે. માલિકો હાથ ઊંચા કરી દે છે અને ભાગેલાં હૈયા પાછા ફરતાં વિન્સેન્ટને પોતે વધુ એકવાર નિષ્ફળ ગયો હોય એવું લાગે છે.હવે એ કોઈને ઉપદેશ આપી શકે તેમ નો'તો. હવે એની દષ્ટિએ 'ભગવાન વિશેની વાતો બાલિશ છટકબારીઓ હતી. સાદી અને સીધી વાત, ભઘવાન નહોતા, હતી ફક્ત અરાજકતા, સંતાપવી અને રિબાવતી, ક્રૂર અને દારુણ, આંદળી અને અંતહીન અરાજકતા.' (૮૯)

વિન્સેન્ટ સરવૈયું કાઢે છે પોતાની જિંદગીનું : 'નોકરી નહોતી, બચત નહોતી, શક્તિસામર્થ્ય નહોતાં કે નહોતી યોજનાઓ, ઉત્સાહ, ઈચ્છાઓ કે મહત્ત્વાકાંક્ષાઓ. છવ્વીસ વર્ષની ઉંમરે પાંચ વાર નિષ્ફળ ગયા પછી હવે એકડેએકથી શરુ કરવાની હિંમત પણ ન હતી. (૮૦) એના મગજમાં 'હું નિષ્ફળ છું, હું નિષ્ફળ છું.'ની કિકિયારીઓ ગાજી રહી હતી.' દુનિયામાં મારું સાચું સ્થાન કયાં છે? હંમેશાં હારીને હેરાન થવાનું જ નસીબમાં લખાયું હશે?' પ્રશ્નો ઊઠતા જ રહ્યા. જવાબ નો'તા મળ્યા, પણ એને સતત એવું લાગતું હતું કે એનાંમાં કંઈક સત્વ જરુર હતું. એની પાસે જગતને અર્પણ કરવા માટે કંઈક હતું, પણ એ કંઈક શું? એની ખબર ન હતી. પારાવાર નિરાશામાં ડૂબેલો વિન્સેન્ટ પિતા તરફથી આવેલા કાગળની કોરી બાજુએ કોલસાથી કશુંલ આલેખે છે ને જાણે જિંદગીનો સાચો રસ્તો સાંપડી ગયો હોય એમ ઝનૂનપૂર્વક તે આલેખનો કરવા મચી પડે છે.

થોડાંક આલેખનો ભેગાં થયા એટલે કોઈ જાણકારને બતાવવની ભૂખ જાગે છે.રોટીની ભૂખ કરતાં પણ આ ભૂખ વધુ તીવ્ર હતી. રેવરન્ડ પિટરસનને ઘરે એચાલતો પહોંચે છે. એમનાં તરફથી મળેલ હૂંફાળા સ્વીકારની એનામાં નવી હામ આવી. ભૂખ-તરસ, સમયનું ભાન ભૂલીને એ આલેખનો કરાવામાં મગ્ન થઈ જાય છે અને ભૂખમરાનો ભોગ બની બેભાન થઈ જાય છે. લાશ જેવા વિન્સેન્ટને માનસિક અને શારીરિક રીતે બેઠો કરે છે એનો ભાઈ થિયો. પત્ની પણ ન વેઠેં એટલો ત્રાસ વેઠીને થિયો વિન્સેન્ટને આર્થિક ટેકો, હિંમત અને અપાર પ્રેમ આપતો રહ્યો. એને કાયમ વિન્સેન્ટ વગર પોતે અપૂર્ણ હતો એવું લાગતું. માત્ર વાર્તાઓમાં જ શક્ય બને તેવા આ બે ભાઈઓ વચ્ચેના પ્રેમ માટે એકવાર લોત્રેકે મજાકમાં કહ્યું હતું, 'થિયો વિન્સેન્ટનો ભાઈ ન હોત તો વિન્સેન્ટ માટે આદર્શ સહચરી બન્યો હોત...' જાણે કે વિન્સેન્ટ માટે જ જીવતો હોય એમ એના મૃત્યુ પછી થિયો જ છ મહિનામાં મૃત્યુ પામે છે.

આ બધા ઘટનાક્રમ પછી પણ વિન્સેન્ટ એક વાત જાણતો હતો કે એને ચિત્રકારથી વધારે બીજું કશું પ્રિય ન હતું. હેગ પહોંચી વળી તે ચિત્રકામના પાયામાં પાઠ શીખવા માંડ્યો. થિયો પૈસા મોકલતો તે કાગળ, રંગ અને મોડેલ પાછળ જ ખર્ચાઇ જતા ને અડધાથી વધુ દિવસ એ નર્યો ભૂખમરો વેઠતો. ભૂખમરાથી ત્રાસીને એકવાર વિન્સેન્ટ જાતને પુછી બેસે છે કે, શું મારે આખું જીવન ભૂખ્યા જ વિતાવવાનું? કયારેક, કયાંય વિરામની કે શાંતિની એક પળ એના ભાગ્યમાં લખાઈ જ નહોતી? (૧૫૪) કુટુંબીજનો, મિત્રો, ચિતકારો બધા એને એક જ વાત ફરી ફરીને કહે છે, 'તારે થિયો પર ભાર ન બનવું જોઈએ, તારી રોટી તારે જાતે જ રળી લેવી જોઈએ.' અકળાયેલ વિન્સેન્ટ કહી ઊઠે છે કે, 'કમનસીબે કોઈક માણસ લાયક હોય છતાં એની રોટી ન રળી શકે એ બહુ મોટું દુર્ભાગ્ય ગણાવું જોઈએ.' (૧૭૩) નવાઈ તો એ છે કે આજે જેના ચિત્રોના કરોડો ઉપજે છે એને જીવતેજીવ કદી કાણી પાઈ નો'તી મળી! એને નસીબની બલિહારી નહીં તો બીજું શું કહીશું?

અનેકવાર નિરાશામાં સરી પડતા, જાતભાતના તુક્કાઓથી થિયોને વિચિત્ર મુશ્કેલીઓમાં મૂકતા વિન્સેન્ટ પર થિયો કદી ગરમ નથી થયો. પેરિસ છોડીને બળબળતા સૂર્યના પ્રદેશ આર્લમાં જવા નીકળતા વિન્સેન્ટને લોત્રેકે કહેલું, 'આર્લમાં સર્ય તને પાગલ કરી મૂકશે એટલો પ્રખર છે.' સાવ અજાણતાં બોલાયેલું લોત્રેકનું આ વિધાન કમનસીબે વિન્સેન્ટ માટે સાચું પડ્યું. આર્લમાં ધગધગતા બાળી નાખતાં સૂર્યે વિન્સેન્ટને વિચાર્યા વગર અભાનપણે ચીતરતો કર્યો. હવે એ કશા માટે નો'તો ચીતરતો. એને સરજાઇ ગયું હતું કે પત્ની, ઘર, બાળકો વગર ચાલશે, સગવડો કે અન્ન વગર પણ રોડવી લેવાશે. પણ સર્જન કર્યા વગર નહીં ચાલે.' (૩૬૧) આર્લમાં વિન્સેન્ટને રંગોનો કેફ ચડ્યો જાણે. આર્લના ધગધગતા સૂરજ એને ગાંડપણની સરહદમાં પ્રવેશ પણ કરાવ્યો હતો. ભૂખ, ઉત્તેજક દ્રવ્યોનું સેવન, તાલ તોડી નાખતો તાપ, તન-મનને ઝંઝેડી નાખતો ઓતરાદો વાયરો ને એમાં ભળ્યો પોલ ગાર્ગે (જાણીતો ચિત્રકાર) જે એને ઉશ્કેરાટની સીમા પર લઈ જાય છે. 'તારો કાન બહુ સુંદર છે, મને આપીશ?' એવું વારંવાર કહેતા વેશ્યા રાશેલને એ ખરેખર જ કાન કાપીને આપવા જાય છે. લોહી નીંગળતી હાલતમાં જ જેલ અને પછીથી પાગલખાને પહોંચેલા વિન્સેન્ટને ડૉક્ટર સાવધાન કર્યો હતો, પણ આત્મસર્જનના રસ્તે જઈને પણ એને ચીતરવું જ હતું. પોતાની જાતને ઉત્તેજનાની ટોચે પહોંચાડી સાડત્રીસ જવલંત કેન્વાસ સર્જ્યો.

વિન્સેન્ટના પૂર્ણ પ્રાગટ્ય માટે સ્ત્રીનો પ્રેમ અનિવાર્ય હતો અને એના કપાળે સ્ત્રીનો પ્રેમ લખાયો જ નો'તો. લેખક 'માયા'ના પાત્ર દ્વારા એને પૂર્ણ બનાવે છે. પોતાની તમામ વ્યથા, વેદના વિન્સેન્ટ માયા પાસે ઠાલવી બેસે છે, પણ ભાવિના ગર્ભમાં છુપાયેલી હકીકત વાંચતી હોય એમ માયા એને કહે છે, તે 'તેં જે કહેવાય પ્રયત્ન કર્યો છે તે તું નહીં હો ત્યારે આખું વિશ્વ સમજશે. તારાં ચિત્રો કરોડોની કિંમતે વેચાશે. આમસ્ટરડામ, હેગ, પેરિસ, મ્યુનિક અને બર્લિન, મોસ્કો અને ન્યયોર્કના મ્યુઝિયમોમાં તારા ચિત્રો લટકતાં હશે. તારી કળા વિશે પુસ્તકો લખાશે અને તારા જીવન પર આધારિત નવલકથાઓ અને નાટ્યો રચાશે...' (૩૮૬)

વારંવારના ગાંડપણના હુમલા છતાં એ ચીતરતો રહ્યો, પણ અચાનક એક ક્ષણે એને લાગ્યું કે એના વ્યક્તિત્વનો શ્રેષ્ઠ સર્જકઅંશ મરી ચૂક્યો હતો. ચિતરવાનું ન હોય, ગાંડપણ વધતું જવાનું હોય તો જીવીને શું કામ? થિઓ આવી પહોંચે ત્યાં સુધી શ્વાસ ટકાવી રાખતાં વિન્સેન્ટ સાડત્રીસ વર્ષની ઉંમરે દુનિયાને અદ્ભુત ચિત્રોની ભેટ આપી જીવનલીલા સંકેલી લે છે. સમગ્ર નવલકથામાં એ સમયગાળાના અભિવ્યક્તિવાદ, પ્રભાવવાદ, વાસ્તવવાદ વગેરેની મોટા ગણાતા ચિત્રકારો દ્વારા થતી ચર્ચાઓ, કળાનીતિના સંબંધ વિશેની ચર્ચાઓ એનું જમા પાસું છે. ગમે તેટલી નિરાશાો, નિષ્ફળતાઓ વચ્ચે ઘેરાયા હો તો હાર ન માની લેશો. તમને ઈશ્વરે કશુંક કરવા સર્જવા માટે જ મોકલ્યા છે એવો વિશ્વાસ જગાડવા પણ આ પુસ્તક વાંચવું જ રહ્યું.

લસ્ટ ફોર લાઈફ : અરવિંગ સ્ટોન
અનુવાદ : સળગતાં સૂરજમુખી, વિનોદ
મેઘાણી, પ્રસાર, ભાવનગર, ૧૯૯૪.
પૃ. ૫૧૦, કિં. ૧૫૦ રૂા.

# ભારતીય બ્યૂરોક્રસીઃ સરદાર પટેલ વિરુદ્ધ નરેન્દ્ર મોદી

**અતીતથી આજ**

**- ડૉ.હરિ દેસાઇ**

> ● ભારતીય સનદી સેવાના જનક વલ્લભભાઈ ભારતના હિતમાં ભય કે પ્રીત વિના અધિકારીને મત વ્યક્ત કરવા દેવાના આગ્રહી હતા
>
> ● સો વર્ષ વટાવી ગયેલા નિષ્ઠાવંત નિવૃત્ત સનદી અધિકારી વી.આર. મહેતા કહે છે : અત્યારના સનદી અધિકારીઓ રાજકારણીઓના કહ્યાગરા છે

વડાપ્રધાનપદે ઇંદિરા ગાંધી હોય કે નરેન્દ્ર મોદી, સત્તાધીશોને સદૈવ કહ્યાગરા અને લળીલળીને આદેશોનું પાલન કરનારા જ સરકારી અધિકારીઓનો ખપ હોય છે. સત્તાધીશોને કહ્યાગરા અધિકારીઓ મળે એટલે બાકીનું સઘળું તંત્ર કહ્યાગરું થવું સ્વાભાવિક છે. આદેશોનું પાલન કરવામાં નિયમ બતાવનારાઓને 'શન્ટ આઉટ' કરવાની પરંપરા છે. એ હજુ હમણાં જ હરિયાણાની આઈએએસ કેડરના નિષ્ઠાવંત અધિકારી અશોક ખેમકાની બદલીના ભાજપી શાસનમાં બહુચર્ચિત કાંડમાં પણ જોવા મળ્યું. ખેમકા નિષ્ઠાવંત અધિકારી તરીકે ૪૫ કરતાં વધુ બદલીઓની પરંપરાનો ભોગ બન્યા છે. કૉંગ્રેસના શાહજાદા રાહુલ ગાંધી અને એમના બનેવી રૉબર્ટ વાડરા સાથેનાં પ્રકરણોમાં ખેમકા અવરોધ સર્જતા હતા એટલે હરિયાણાની કૉંગ્રેસ સરકાર એમની બદલીઓ કરતી હતી એવો ઉહાપોહ ચૂંટણીના દિવસોમાં ભાજપી નેતાઓએ ખૂબ મચાવ્યો હતો. હવે હરિયાણામાં ભાજપની સરકાર છે. ખેમકા એનેય અનુકૂળ નથી અને બદલીઓનું અખંડ ચક્ર ચાલુ છે.

સત્તાધીશોને એમનો પડ્યો બોલ ઝીલનારા સરકારી અધિકારીઓ ખપે છે. ઘણા અધિકારી રાજનેતાઓના કહ્યાગરા બની રહેવામાં સ્વનું કલ્યાણ નિહાળતા હોય છે. રાજકીય સત્તાધીશો બદલાય એટલે આવા સરકારી અધિકારીઓ નવા સત્તાધીશની ગુડબુકમાં આવવા માટે ગમે તે કામ કરી દેવાની તાલાવેલી ધરાવે છે. રાજકીય શાસકો અને પ્રશાસકો એકમતી ધરાવે તો ચૂંટણીમાં આપેલાં વચનોનું સુપેરે અમલીકરણ થઈ શકે એવું પ્રગટપણે કહેવાય છે. નિયમો આડા આવતા હોય, કાયદા અવરોધ સર્જતા હોય તો બહુમતી ધરાવનાર સત્તાધીશ કાયદામાં સુધારો કરાવી લે છે, વટહુકમ બહાર પાડી દે છે, લોકસભા કે વિધાનસભામાં પોતાને અનુકૂળ સુધારા સાથેની કાનૂની જોગવાઇ મંજૂર કરાવી દે છે. સરમુખત્યાર શાસનમાં આવું ચાલે એ સમજી શકાય છે. ચીન જેવા કમ્યૂનિસ્ટ શાસનમાં આવા ખેલ ખેલાય એ પણ સમજી શકાય છે, પરંતુ વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં બહુમતીના જોરે, અધિકારીઓના ટેકે, રાજકીય અપેક્ષાની પૂર્તિના નામે આવા ખેલ ખેલાય ત્યારે એ કવાયત રાષ્ટ્રના અને પ્રજાના હિતમાં છે કે કેમ એની ચર્ચાને પણ ભાગ્યે જ સ્થાન અપાય ત્યારે તો હદ થાય છે. ભારત બ્રિટિશ શાસન હેઠળથી ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ સ્વતંત્ર થયું અને ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી પ્રજાસત્તાક બન્યું. એનું બંધારણ ઘડતી વેળા દીર્ઘ ચર્ચાઓ થઈ. રાજકીય શાસકો તો આવે અને જાય, પણ કાયમી નોકરશાહી (પરમેનેન્ટ બ્યૂરોક્રસી)નો ખ્યાલ સ્વીકારવામાં આવ્યો, કારણ નોકરશાહોને દેશનાં હિતના સાચા કસ્ટોડિયન તરીકે સ્વીકારવામાં આવ્યા. વીતેલા કૉંગ્રેસી શાસનના દાયકાઓમાં રાજકીય નેતાગીરી અને કહ્યાગરા નોકરશાહોએ મળીને દેશને અસીમ નુકશાન પહોંચાડ્યું. હવે નવી આશા-આકાંક્ષાઓ લઈને નરેન્દ્ર દામોદરદાસ મોદી જેવા ડાયનેમિક અને લોકપ્રિય વડાપ્રધાન સત્તારૂઢ થયા હોય ત્યારે કૉંગ્રેસયુગનાં કાળાં કરતૂત દૂર કરશે અને પ્રજાલક્ષી લોકશાહી પ્રેરિત નવાં સ્વપ્નાંનું વાવેતર કરશે એવી અપેક્ષા જાગવી સાહજિક હતી. ઓછામાં પૂરું અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના સપૂત એવા સરદાર વલ્લભભાઈ પટેલનું નામ લઈને, એમને થયેલા અન્યાયની કહાણી ચૂંટણી ટાણે દેશવાસીઓને વારંવાર સુણાવીને કૉંગ્રેસ અને નેહરુને ભાંડીને (એ જ કૉંગ્રેસના સર્વસત્તાધીશ અગ્રણી અને નેહરુના એકદમ નિકટના સાથી સ્વયં સરદાર પટેલ હતા એ વાતનું સ્મરણ રહે!) સાઉથ બ્લોક પર ભગવી બ્રિગેડના (આરએસએસના સંસ્થાપક ડૉ.કેશવ બલિરામ હેડગેવાર પણ છેક ૧૯૩૭ સુધી કૉંગ્રેસી રહ્યા!) પ્રતિનિધિ તરીકે નરેન્દ્ર મોદીનું આગમન થતાં સરદારનાં સમણાં સાકાર થવાની અપેક્ષા રહેવી સ્વાભાવિક છે. સરદાર પટેલ સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ભારતના પ્રથમ ગૃહમંત્રી. આ દેશમાંથી અંગ્રેજ શાસન વિદાય થઈ રહ્યું હતું ત્યારે બ્રિટિશ હકૂમતના ઈન્ડિયન સિવિલ સર્વિસ (આઈસીએસ) અને ઈન્ડિયન પોલીસ (આઈપી)ના તંત્રનો વિકલ્પ ઊભો કરવાનું શ્રેય સરદાર પટેલને ફાળે જાય છે. એમના પ્રતાપે જ આજની આઈએએસ (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ)નું તંત્ર ઊભું થયું. બંધારણસભામાં સરદાર પટેલે સનદી સેવાના અધિકારીઓ વિશે જે મત વ્યક્ત કર્યો હતો એનું પઠન વર્તમાન સનદી અધિકારીઓ કરી જાય તો તેઓ ક્યારેય રાજકીય શાસકોની જીહજૂરી કરીને કે કહ્યાગરા બનીને અંગત સ્વાર્થ ખાતર કાર્યરત રહેવાને બદલે રાષ્ટ્રના હિતનો જ વિચાર કરી સ્વતંત્રપણે કાર્ય કરે એવું અમોને લાગ્યા વિના રહેતું નથી. બંધારણ સભામાં ૧૦ ઑક્ટોબર ૧૯૪૯ના રોજ સરદાર પટેલે કહેલા શબ્દોને અમે બ્યૂરોક્રસીના મૅગ્નાકાર્ટા તરીકે ઓળખવાનું પસંદ કરીએ છીએ. એના અંશ કાંઈક આવા હતાઃ

"તમારે જો કાર્યક્ષમ અખિલ ભારતીય સેવાનો ખપ હશે, તો મારી તમને સલાહ છે કે તમારે સેવારત અધિકારીઓને મુક્તપણે મોઢું ખોલવાની મોકળાશ બક્ષવી પડશે. તમે વડાપ્રધાન (મુખ્યમંત્રી) હો તો તમારી ફરજ બને છે કે તમારા સચિવ કે મુખ્ય સચિવ કે તમારા હાથ નીચેના બીજા સેવારત અધિકારીઓને કોઈપણ જાતના ભય કે પ્રીત વિના (ડર કે તરફદારી વિના) તેમનો મત વ્યક્ત કરવાની મોકળાશ બક્ષો. જો કે હું આજે કેટલાક પ્રાંતોમાં એવું વલણ જોઉં છું જ્યાં સેવા અધિકારીઓને કહી દેવાય છેઃ 'નહીં, નહીં, તમે તો નોકરિયાત છો. અમે જે આદેશ આપીએ તેનું તમારે પાલન કરવાનું છે.' આવા (વર્તનથી) ભારતીય સંઘ ખાડે જશે- સંયુક્ત ભારત નહીં રહે. અખિલ ભારતીય સેવાને સ્વતંત્રપણે પોતાનો મત વ્યક્ત કરવામાં સલામતી નહીં અનુભવાય અને સંસદમાં તમે એમનાં હિત અને અધિકારોનું રક્ષણ નહીં કરો તો સંયુક્ત ભારત રહેશે ક્યાંથી? તમારે આવું કરવું ના હોય તો આ બંધારણ ઘડવાની જરૂર ક્યાં છે, એને બદલે ગમે તે મૂકો. કૉંગ્રેસનું બંધારણ કે પછી બીજું કોઈ કે આરએસએસનું બંધારણ. તમને ગમે તે બંધારણ અમલમાં લાવો, પણ આ તો નહીં."

સરદાર પટેલને કહ્યાગરા સચિવો ખપતા નહોતા. એને બદલે પોતાના ખાતાના સચિવોને એ કહેતા કે તમે મારાથી જુદો મત ધરાવતા હો, તમને એ રાષ્ટ્રના હિતમાં લાગતો હોય, તો એ પ્રકારની જ નોંધ મૂકજો.સરદાર અધિકારીઓને એવી સલાહ આપતા હતા. સરદાર પટેલથી વિપરીત વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિવિલ સર્વિસ ડેના તાજેતરના કાર્યક્રમમાં લોકશાહીમાં રાજકીય દખલગીરીને (હસ્તક્ષેપને) વાજબી લેખાવતાં નોખા સંકેત આપ્યા હતા. તણાવમુક્ત બ્યૂરોક્રસીનો એમણે આગ્રહ સેવ્યો એ આવકાર્ય બાબત છે, પરંતુ રાજકીય સત્તાધીશોથી નોખો મત ધરાવવો એટલે તણાવ વહોરવો એ વાત સ્વયંસ્પષ્ટ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)